# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-04-2025** **EVENING : 7.50 to 8.00**
**Day :SATURDAY** **National News**

### આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

****************************************************

1) જમ્મુ કાશ્મીરમાં ભારતીય સેનાએ અખનૂર સેક્ટરમાં નિયંત્રણ રેખા પર આતંકવાદીઓના ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો.
2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કેન્દ્ર અને મહારાષ્ટ્ર સરકાર શિવાજી મહારાજના રાયગઢ કિલ્લાને યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત તરીકે વિકસાવવા માટે પ્રતિબદ્ધ.
3) પશ્ચિમ બંગાળમાં વક્ફ સુધારા અધિનિયમ 2025 વિરુદ્ધ વિરોધ પ્રદર્શન દરમિયાન મુર્શિદાબાદ જિલ્લામાં ત્રણ લોકોના મોત.
4) હવામાન વિભાગે આજે પશ્ચિમ બંગાળ, સિક્કિમ, અરુણાચલ પ્રદેશ, દક્ષિણ કર્ણાટક અને કેરળમાં ભારે વરસાદની આગાહી કરી.
5) આજે સમગ્ર દેશમાં હનુમાન જન્મોત્સવની ધાર્મિક ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે.
6) IPL ક્રિકેટમાં લખનઉ સુપર જયન્ટસે ગુજરાત ટાઈટન્સને 6 વિકેટથી હરાવ્યું.

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

(હવે આવતીકાલે સવારે ૭ વાગ્યેને ૧૦ મિનિટે આપ પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# J&K-TERRORIST

જમ્મુ કાશ્મીરમાં ભારતીય સેનાએ ગઈકાલે મોડી રાત્રે અખનૂર સેક્ટરમાં નિયંત્રણ રેખા પર ભારે હથિયારોથી સજ્જ આતંકવાદીઓના જૂથ દ્વારા ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો. અખનૂરમાં નિયંત્રણ રેખા પર સામસામે ગોળીબાર દરમિયાન, સેનાના એક જુનિયર કમિશન્ડ ઓફિસરે પોતાનો જીવ ગુમાવ્યો. આ વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો છે અને વધારાના દળો તૈનાત કરવામાં આવ્યા છે અને શોધખોળ અભિયાન ચાલી રહ્યું છે. આ ઘટના પૂંછ જિલ્લામાં સરહદ વ્યવસ્થાપન સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે ભારત અને પાકિસ્તાન વચ્ચે બ્રિગેડ કમાન્ડર કક્ષાની ફ્લેગ મીટિંગના બે દિવસ પછી બની હતી.

# REV AMIT SHAH-MAHARASHTRA

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે ખાતરી આપી હતી કે કેન્દ્ર સરકાર અને મહારાષ્ટ્ર સરકાર બંને છત્રપતિ શિવાજી મહારાજના ઐતિહાસિક સ્થાન રાયગઢ કિલ્લાને દેશના યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત તરીકે વિકસાવવા માટે પ્રતિબદ્ધ છે.

ગૃહમંત્રીએ મહારાષ્ટ્રના રાયગઢ કિલ્લા ખાતે છત્રપતિ શિવાજી મહારાજની ૩૪૫મી પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અને પુષ્પાંજલિ અર્પણ કરતી વખતે આ ટિપ્પણી કરી હતી. તેમણે મહારાષ્ટ્રના મુખ્યમંત્રીને અપીલ કરી હતી કે ધોરણ ૭ થી ૧૨ સુધીના દરેક વિદ્યાર્થી ઓછામાં ઓછા એક વખત આ પવિત્ર સ્થળની મુલાકાત લે, જેથી તેઓ છત્રપતિ શિવાજી મહારાજના વારસા અને આદર્શો સાથે જોડાઈ શકે.

**(BYTE : AMIT SHAH)**

શ્રી શાહે ભાર મૂક્યો હતો કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શિવાજી મહારાજની શાહી મહોરને આપણા નૌકાદળના પ્રતીક તરીકે અપનાવીને વિશ્વને એક શક્તિશાળી સંદેશ આપ્યો છે. કેન્દ્ર સરકાર મહારાષ્ટ્ર સરકાર સાથે મળીને ૧૨ ઐતિહાસિક કિલ્લાઓને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટ્સ તરીકે માન્યતા અપાવવા માટે સક્રિયપણે કામ કરી રહી છે.

આ પ્રસંગે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યમંત્રીઓ એકનાથ શિંદે અને અજિત પવાર, અને કેન્દ્રીય સહકાર રાજ્યમંત્રી મુરલીધર મોહોલ અને અન્ય લોકો હાજર રહ્યા હતા.

# Rev West Bengal - Waqf violence

પશ્ચિમ બંગાળમાં ગઈકાલે વક્ફ સુધારા અધિનિયમ 2025 વિરુદ્ધ વિરોધ પ્રદર્શન દરમિયાન હિંસા અને આગનાં બનાવોમાં મુર્શિદાબાદ જિલ્લામાં ત્રણ લોકોના મોત થયા હતા.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ લોકોને ધર્મના નામે રમખાણો ન કરાવવાની અપીલ કરી. તેમણે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે રમખાણોમાં સામેલ લોકોને સજા કરવામાં આવશે. મુખ્યમંત્રીએ ભાર મૂક્યો કે વકફ સુધારો અધિનિયમ 2025 પશ્ચિમ બંગાળમાં લાગુ કરવામાં આવશે નહીં.

ભાજપના પ્રદેશ પ્રમુખ ડૉ. સુકાંત મજુમદારે જણાવ્યું હતું કે મુર્શિદાબાદ જિલ્લામાં થયેલી હિંસામાં કેન્દ્ર સરકારનો હસ્તક્ષેપ જરૂરી છે. વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ જણાવ્યું હતું કે તેમણે મુર્શિદાબાદના રેલ્વે સ્ટેશનો પર થયેલા આગનાં બનવોની NIA તપાસ માટે રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવને પત્ર લખ્યો છે. પોલીસ મહાનિર્દેશકે વિસ્તારના લોકોને અફવાઓ પર ધ્યાન ન આપવા અને કાયદો અને વ્યવસ્થા પોતાના હાથમાં ન લેવા અપીલ કરી છે.

અસરગ્રસ્ત વિસ્તારોમાં અર્ધલશ્કરી દળો તૈનાત કરવામાં આવ્યા છે અને વરિષ્ઠ પોલીસ અધિકારીઓ પેટ્રોલિંગ કરી રહ્યા છે. હિંસક ઘટનાઓના સંદર્ભમાં ૧૧૮ લોકોની અટકાયત કરવામાં આવી છે.

નવા વક્ફ સુધારા કાયદાના વિરોધમાં ગઈકાલે મુર્શિદાબાદ જિલ્લામાં મોટી સંખ્યામાં વિરોધીઓએ ઘરો, દુકાનો, સરકારી મિલકતો અને પોલીસ વાહનોને આગ ચાંપી દીધી હતી.

# BJP- WEST BENGAL

ભારતીય જનતા પાર્ટીએ આજે પશ્ચિમ બંગાળના કેટલાક વિસ્તારોમાં હિંસાની ઘટનાઓના મુદ્દા પર તૃણમૂલ કોંગ્રેસ-ટીએમસીના નેતૃત્વ હેઠળની પશ્ચિમ બંગાળ સરકારની ટીકા કરી છે.

નવી દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં, ભાજપના પ્રવક્તા પ્રદીપ ભંડારીએ કહ્યું કે મુખ્યમંત્રી મમતા બેનર્જી તેમની બંધારણીય જવાબદારી નિભાવવામાં અને વક્ફ સુધારા કાયદા વિરુદ્ધ વિરોધ પ્રદર્શન દરમિયાન હિંસાગ્રસ્ત મુર્શિદાબાદ જિલ્લામાં લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં નિષ્ફળ ગયા છે. શ્રી ભંડારીએ કહ્યું કે જ્યારે દેશના અન્ય પક્ષો સંસદમાં વક્ફ બિલ પસાર થવાનું સ્વાગત કરી રહ્યા છે, ત્યારે ટીએમસી સરકાર તુષ્ટિકરણની રાજનીતિ કરી રહી છે.

**(BYTE :PRADEEP BHANDARI)**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# Weather

હવામાન વિભાગે આજે પશ્ચિમ બંગાળ, સિક્કિમ, અરુણાચલ પ્રદેશ, દક્ષિણ કર્ણાટક, કેરળમાં ભારે વરસાદની આગાહી કરી છે. આગામી ત્રણ દિવસ દરમિયાન આસામ અને મેઘાલયમાં પણ ભારે વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે 14 એપ્રિલ સુધી દેશના પશ્ચિમ, મધ્ય અને નજીકના પૂર્વીય પ્રદેશોના વિવિધ ભાગોમાં હળવો વરસાદ થવાની અને પૂર્વીય મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં વિવિધ સ્થળોએ કરા પડવાની શક્યતા વ્યક્ત કરી છે.

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દરમિયાન તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, તટિય આંધ્રપ્રદેશ, યાનમ, તેલંગાણા અને કર્ણાટકમાં વાવાઝોડા સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન પશ્ચિમ રાજસ્થાન, ગુજરાત, પંજાબ અને હરિયાણામાં કેટલાક સ્થળોએ ગરમીનું મોજું યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરી છે.

# HANUMAN JANMOTSAV

આજે સમગ્ર દેશમાં હનુમાન જન્મોત્સવની ધાર્મિક ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. નવી દિલ્હીના કનોટ પ્લેસ સ્થિત પ્રાચીન હનુમાન મંદિર સહિત રાષ્ટ્રીય રાજધાનીના વિવિધ હનુમાન મંદિરોમાં સવારથી જ ભક્તોની ભીડ ઉમટી રહી છે. મંદિરોમાં હનુમાન ચાલીસા, સુંદરકાંડ અને અખંડ રામાયણનો પાઠ કરવામાં આવી રહ્યો છે.

ઉત્તર પ્રદેશના મુખ્ય હનુમાન મંદિરોમાં પણ મોટી સંખ્યામાં ભક્તો એકઠા થયા છે. અયોધ્યાના હનુમાન ગઢી મંદિરમાં લોકોની લાંબી કતારો જોવા મળી રહી છે. ઘણી જગ્યાએ ભંડારાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. તેવી જ રીતે, વિવિધ રાજ્યોમાં પણ હનુમાન જન્મોત્સવ ખૂબ જ ઉત્સાહથી ઉજવણી કરવામાં આવી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હનુમાન જન્મોત્સવની દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે.

# IPL

IPL ક્રિકેટમાં આજે લખનઉમાં રમાયેલી મેચમાં લખનઉ સુપર જાયન્ટસની ટીમે ગુજરાત ટાઇટન્સને 6 વિકેટથી હરાવ્યું છે.

લખનઉ સુપર જાયન્ટસે ટોસ જીતીને પ્રથમ બોલિંગ પસંદ કરતાં ગુજરાત ટાઈટન્સે 20 ઓવરમાં 6 વિકેટ 180 રન કર્યાં હતાં. 181 રનનાં લક્ષ્યાંકનો પીછો કરતાં લખનઉ સુપર જાયન્ટસે 19.3 ઓવરમાં 4 વિકેટ ગુમાવી વિજય મેળવ્યો હતો. લખનઉની ટીમ તરફથી નિકોલસ પૂરને 34 બોલમાં 61 રન અને એડમ માર્કરમે 31 બોલમાં 58 રન બનાવ્યાં. જ્યારે ગુજરાત ટાઈટન્સનાં શુભમન ગિલે 38 બોલમાં 60 રન કર્યાં હતાં.

અન્ય બીજી મેચ હૈદરાબાદમાં પંજાબ કિંગ્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે મેચ રમાઈ રહી છે. જેમાં પંજાબ કિંગ્સે ટોસ જીતીને પ્રથમ બેટીંગ કરવાનો નિર્ણયો લીધો છે.

છેલ્લા મળતાં અહેવાલ પ્રમાણે પંજાબ કિંગ્સે 4.3 ઓવરમાં 1 વિકેટ 71  રન કર્યાં છે.

# PRESIDENT-Prime Minister Lakhia

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભારતીય શાસ્ત્રીય નૃત્યાંગના અને પદ્મ પુરસ્કાર વિજેતા કુમુદિની લાખિયાના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં, રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે શ્રીમતી લાખિયાએ સમકાલીન સમયમાં કથક નૃત્યની રજૂઆતમાં પરિવર્તન લાવ્યું. તેમણે કહ્યું કે નૃત્યકલાના ક્ષેત્રમાં તેમનું યોગદાન હંમેશા યાદ રાખવામાં આવશે. પ્રધાનમંત્રી મોદીએ કુમુદિની લાખિયાને એક ઉત્કૃષ્ટ સાંસ્કૃતિક પ્રતિમા તરીકે ગણાવ્યા હતા, જેમનો કથક અને ભારતીય શાસ્ત્રીય નૃત્યો પ્રત્યેનો જુસ્સો તેમના નોંધપાત્ર કાર્યોમાં પ્રતિબિંબિત થાય છે. શ્રી મોદીએ કહ્યું કે તેમણે અનેક પેઢીઓના નર્તકોને તાલીમ આપી છે અને તેમનું યોગદાન હંમેશા યાદ રાખવામાં આવશે.

# Prime Minister- Harishbhai

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અગ્રણી પ્રચારક હરીશભાઈ નાયકના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ લખ્યું કે, સેવાકીય પ્રવૃત્તિઓ અને સંગઠનાત્મક કાર્યમાં શ્રી નાયકનું યોગદાન હંમેશા યાદ રહેશે. શ્રી મોદીએ એમ પણ જણાવ્યું હતું કે શ્રી નાયકની ઇચ્છા મુજબ, તેમના શરીરનું દાન ભાવિ પેઢીઓના શિક્ષણ માટે કરવામાં આવ્યું હતું.

## FINANCE- PONZI SCAM

નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ આજે સંપત્તિ નિકાલ સમિતિના અધ્યક્ષ ડી.કે. શેઠને પાંચસો પંદર કરોડ રૂપિયાથી વધુનો ડિમાન્ડ ડ્રાફ્ટ સોંપ્યો. રોઝ વેલી પોંઝી કૌભાંડમાં કાયદેસર રોકાણકારોની મિલકતો પરત કરવા માટે સંપત્તિ નિકાલ સમિતિની રચના કરવામાં આવી હતી.

નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ રકમનો ઉપયોગ સંપત્તિ નિકાલ સમિતિ સમક્ષ અત્યાર સુધીમાં દાખલ કરાયેલા કુલ ૩૧ લાખ દાવાઓમાંથી આશરે ૭.૫ લાખ પીડિતોને નાણાં પરત કરવા માટે કરવામાં આવશે.

મંત્રાલયે ઉમેર્યું હતું કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) પશ્ચિમ બંગાળ, ઓડિશા, આસામ અને ત્રિપુરા રાજ્યોમાં રોઝ વેલી ગ્રુપ સામે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) ના પાંચ કેસોની તપાસ કરી રહ્યું છે.

તપાસમાં બહાર આવ્યું છે કે જૂથે સમાજના સૌથી નીચલા સ્તરના લોકોને ખોટાં વચનો આપીને ૧૭ હજાર ૫૨૦ કરોડ રૂપિયાનો ભંડોળ એકત્ર કર્યો હતો.

# sudan attack

સુદાનની સેનાએ દાવો કર્યો છે કે ઉત્તર દારફુર રાજ્યની રાજધાની અલ ફશેરમાં અર્ધલશ્કરી રેપિડ સપોર્ટ ફોર્સિસે (RSF) કરેલા હુમલામાં 32 લોકો માર્યા ગયા છે. મૃતકોમાં ચાર મહિલાઓ અને દસ બાળકોનો સમાવેશ થાય છે, 17 લોકો ઘાયલ થયા છે અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સેનાએ જણાવ્યું હતું કે RSF એ ગઈકાલે એક આત્મઘાતી ડ્રોન લોન્ચ કર્યું હતું અને શહેરમાં ગોળીબાર પણ કર્યો હતો. અલ ફશેરમાં સુદાનની સેના અને આરએસએફ વચ્ચે ભીષણ લડાઈ મે 2024 માં શરૂ થઈ હતી. મીડિયા અહેવાલ મુજબ, બંને પક્ષો વચ્ચેના સંઘર્ષમાં 29 હજાર 683 થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા હતા. ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન ફોર માઇગ્રેશનના અહેવાલ મુજબ 15 મિલિયનથી વધુ લોકોને વિસ્થાપિત કર્યા છે.